❖ **વિષયની પસંદગી :** વિદ્યાર્થીઓ જોડણીના નિયમો જાણે.શબ્દકોશ અને જોડણીકોશથી માહિતગાર થાય. સ્પષ્ટ ઉચ્ચારણ સાથે મૌખિક અભિવ્યકિત કરી શકે. આરોહ-અવરોહયુકત વાંચન કરી શકે. સ્વરો અને વ્યંજનોની ઓળખ મેળવી શકે.

❖ **સંભવિત કારણો :**

- વિદ્યાર્થીઓની નોટબુકના લખાણને આધારે જાણવા મળ્યું.
- ધોરણ ૫ના વિદ્યાર્થીઓને પાઠનું વાંચન કરાવતા માલૂમ પડયું કે ૩૦%બાળકોને વાંચનનો મહાવરો નથી. વિદ્યાર્થીઓને પદ્ધતિસરના લખાણની માહિતીનો અભાવ જોવા મળ્યા.

❖ **સંશોધન પધ્ધતિ :**

વ્યાકરણનાં નિયમોની સમજ  વિદ્યાર્થીઓને આપી. વ્યાકરણ સંબંધિત પ્રશ્નાવલિ

❖ **સંશોધનની પ્રક્રિયા :**

૧. સૌ પ્રથમ ધોરણ ૫ નાં નિશ્ચિત સંખ્યામાં વિદ્યાર્થીઓને જોડણીને અનુસંધાનમાં પ્રશ્રનાવલિ આપી તેના લેખિતમાં ઉતર લીધા

૨. વિદ્યાર્થીને જોડણીમાં ભૂલો પડે છે.

૩. પાઠનાં વાંચન સમયે પણ વિદ્યાર્થીઓ ઉચ્ચારણમાં પણ ભૂલો કરે છે.

૪. વિદ્યાર્થીઓ ને જોડણીના નિયમો ની સમજઆપી  અને ઉચ્ચારણ શુધ્ધિ માટે સ્વર અને વ્યંજનના ઉચ્ચારણની સમજ.

❖ **માહિતીનું એકત્રીકરણ :**

* સ્ટાફના શિક્ષકો સાથે વ્યકિતગત ચર્ચા.
* વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ચર્ચા.
* જોડણીકોશ અને શબ્દકોશ

જોડણીની ભૂલ ભાષાનું સૌંદર્ય ઘટાડે છે.

❖ **પરિણામો :**

* વિદ્યાર્થીઓની ઉચ્ચાર શુદ્ધિમાં સુધારો જોવા મળ્યો.
* વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓ જોડણીના નિયમોથી વાકેફ થયા.
* વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો વિકાસ થયો.
* વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકનાં કઠિન શબ્દોથી માહિતગાર થયા.
* વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓ  આરોહ અવરોહ યુકત વાંચન કરતા થયા.

સાચી જોડણી સુંદર લખાણ

❖ **તારણો**

* વર્ણ ઉચ્ચાર સ્થાનની માહિતી આપવાથી ૫૫% વિદ્યાર્થીઓ ભૂલો રહિત લખી શકે છે.
* દરરોજ કા.પાકાર્યની નોધ દ્વારા શબ્દ લેખન કરાવવામાં આવ્યું જેના કારણે શબ્દભંડોળનો વિકાસ જોવા મળ્યો.
* વિદ્યાર્થીઓને શબ્દકોશના ઉપયોગ અંગે સમજ ન હતી જેઅંતર્ગત શબ્દકોશમાં શબ્દ શોધવાની સાચી પદ્ધતિનું માર્ગદર્શન આપ્યા બાદ ૭૦% બાળકો શબ્દકોશ,જોડણીકોશનો ઉપયોગ કરતા થયા

❖ **અવલોકન :**

* જોડણી
  - વિદ્યાર્થી શબ્દો લખે ત્યારે સાચી  જોડણી નોંધી લખતા થયા.
  - વારંવાર થતી ભૂલોમાં સુધારો થયો.(જેમ કે "શાળા"ને બદલે "શાલા")
* **ઉચ્ચાર શુદ્ધિ જોવા મળી**
  - વાંચન વખતે"સ" અને"શ"નો તફાવત સમજતા થયા.

**વિદ્યાર્થીઓમાં વિચારવાની શકિત વિકસે એ સાચું શિક્ષણ છે.**

❖ **ભાવિ સંશોધન**

- વિદ્યાર્થીઓમાં લેખનકાર્ય પ્રત્યે આળસના કારણોનો અભ્યાસ.

★જોડણીકોશ અને શબ્દકોશનો નહિવત  ઉપયોગ થાય છે તેનો કારણોનો  અભ્યાસ.

**હિંમત એ જ સફળતાની સાચી ઓળખ છે.**